ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૫.૫ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૯ ટકા ● સાંજે ૫૩ ટકા

# આ વર્ષે પણ આઠમનો મેળો નહિ

## હતાશાની બીજી લહેર : આ વર્ષે પણ ડરના ડેરા તંબુ ઉભા ને ઉભા !

ગાંધીનગર, તા.૨૮

દોઢ વર્ષથી ચાલી રહેલ કોરોના મહામારીના પગલે ગત વર્ષે લોકમેળાનું આયોજન મોકુફ રાખવામાં આવ્યું હતું તો ચાલુ વર્ષે પણ કોરોનાને ધયાને લઈને સાતમ આઠમ નિમિત્તે યોજાનાર લોકમેળો રદ કરવામાં આવ્યો છે.

ગાંધીનગરમાં દર વર્ષે પવિત્ર શ્રાવણ માસમાં આવતા સાતમ આઠમના તહેવારો નિમિત્તો લોકમેળાનું આયોજન કરવામાં આવતું હોય છે. સેકટર-૨૨ પંચદેવ મંદિર ખાતે મેળાનું આયોજન થતું હતું જે કોરોના મહામારીનો કારણે કોરોના સંક્રમણને ધ્યામાં રાખીને મેળાનું આયોજન શકય નહી દેખાતા અનેક ધાર્મિક પ્રસંગો રદ કરવામાં આવ્યા છે. જેમાં ખાસ કરીને રથયાત્રાનો પણ સમાવેશ કર્યો હતો.

પંચદેવ મંદિર ખાતે લાખોની સંખ્યામાં આસપાસના ગામડાઓમાંથી તથા શહેરીજનો મેળાની મુલાકાત લેવા આવતા હતા. જે આ વર્ષે લોકમેળા વગર જ સાતમ આઠમની ઉજવણી કરવામાં આવશે. આ મેળામાં ઘણા બધા નાના નાના ફેરિયાઓ વિવિધ વસ્તુઓનું વેચાણ કરતા હતા જેઓ નિરાશા અનુભવી રહ્યા છે.

**જન્માષ્ટમીની રાત્રે શ્રી કૃષ્ણ જન્મોત્સવ ઉજવવા માટે સરકારે રાહત આપી છે. આઠમના માત્ર એક દિવસ પુરતી કરફ્યુ મુદત રાતના એક વાગ્યા સુધીની કરી છે.**

આ વખતે પણ ચરરર ચરરર ચકડોળ નહિ ચાલે, મોતના કૂવામાં મારુતિ અને બાઈક નહિ ચાલે, જાદુગરના ભૂંગળા નહિ ગાજે, પંચદેવ મંદિરનું મેદાન શણગાર તો સજશે પણ માનવ મહેરામણ નહીં જોવા મળે. પાંચમ પછી છઠ્ઠ થશે, સાતમના ટાઢા થેપલાની પ્રથા પણ અનુસરાશે અને નિયમોના દાયરામાં મટકી પણ ફૂટશે. આ બધું થશે છતાંય મજા અધૂરી રહેશે.

એમ કહેવાય છે કે ઈતિહાસ બેવડાતો નથી, પણ અહીં આવું થઈ રહ્યું છે. વધુ એક વખત એટલે કે



આ વર્ષે પણ લોકમેળો બંધ રાખવા તંત્ર મજબૂર થયું છે. કોરોનાની બીજી લહેર આવીને જતી રહી, ત્રીજી લહેર આવે કે ન આવે પણ હતાશાની બીજી લહેર આવી ગઈ છે.

રમકડાં અને ખાણી પીણીવાળા પણ કમાણીમાં પાછળ રહેતા નથી. આ મેળો બધાને બધું આપી જતો હોય છે. ઉદાસ હોય એને ખુશી આપી જાય છે, કમાણી કરવા આવનારાઓને ભરપેટ રૂપિયો આપી જાય છે. ગમે એટલી ગિરદીમાં પણ પોતાની ઈચ્છીત મંજિલ સુધી એટલે કે જે તે રાઈડસ કે સ્ટોલ સુધી ગમે તેમ કરીને પહોંચીને હાશકારો મેળવવાની મજા પણ માનવી આ મેળામાં જ માણી શકે છે. પણ આ વર્ષેય મેળાની મોજથી દરેક માનવીને અળગા રહેવું પડશે.

ભરપુર વેકિસનેશનને કારણે ભલે કોરોના ઉપર કાબુ મેળવવામાં સરકાર સફળ રહે પણ હજુ કોઈ પ્રકારનું જોખમ ખેડવાનો સરકારનો કોઈ ઈરાદો નથી. આ કારણે જ આ વર્ષે પણ તમામ લોકમેળાઓ, ખાનગી મેળાઓને બંધ રાખવામાં આવ્યા છે.

## સાર્વજનિક ગણેશોત્સવમાં ઓનલાઈન ‘બેસ્ટ સિંગર ઓફ ધ સીટી - કારાઓકે’ સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરમાં સેક્ટર-૨૨ ખાતે સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા ૫૨માં ગણેશોત્સવ અંતર્ગત વિના મૂલ્યે ઓનલાઇન ‘બેસ્ટ સિંગર ઓફ ધ સીટી - કારાઓકે’ હિન્દી ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં ત્રણ વયજુથ નિયત કરાયા જેમાં ૬ થી ૧૫ વર્ષનાં માટે ‘એ’ ગૃપ, ૧૬ થી ૪૦ વર્ષ માટે ‘બી’ ગૃપ અને ૪૧ થી વધુ વર્ષ માટે ‘સી’ ગૃપ નિયત કરવામાં આવ્યાં છે.

આ સ્પર્ધામાં ભાગ લેવા માટેના ફોર્મ શ્રી સાર્વજનિક ગણેશોત્સવ ગાંધીનગરના ફેસબુક પેજ પરથી ડાઉનલોડ કરી શકાશે જે તારીખ ૮મી સપ્ટેમ્બર સુધીમાં સંપૂર્ણ વિગતો ભરીને તેનો ફોટો મો.નં.૯૩૭૭૧ ૪૬૫૬૦ ના વોટ્સએપ પર ગીતના વિડિયો ક્લિપિંગ સાથે મોકલવાનો રહેશે. આ વીડિયો ક્લિપમાં ગીતનું મુખડું અને એક અંતરો ગાઈને ત્રણ મિનિટની મર્યાદામાં મોકલવાની રહેશે. સ્પર્ધા અંગેના તમામ નિર્ણયો ફોર્મમાં જણાવ્યા અનુસાર રહેશે. આ ઉપરાંત ફોર્મ મેળવવાનું સ્થળ સેક્ટર-૧૬માં તૃપ્તિ પાર્લરની બાજુમાં પ્લોટ નં.૩૮૧ ખાતે મિનાક્ષી ટ્રેડર્સ રાખવામાં આવ્યું છે.

## ચૌધરી નર્સિંગ કોલેજ ખાતે ટી.બી. અવેરનેસ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૮

ભારતના વડાપ્રધાન દ્વારા વર્ષ ૨૦૨૫માં ટીબીને સમગ્ર ભારત દેશમાંથી નાબુદ કરવાનું આહવાન કરેલ છે ને સાથે સાથે ગુજરાત સરકાર દ્વારા ૨૦૨૨ માંથી ટીબી ના રોગને નાબૂદ કરવાનું નક્કી કરેલ છે તો ટીબી ના રોગ વિશેની માહિતી સમાજમાં દરેક નાગરિકો સુધી પહોંચે અને સમાજ માં ટીબી ના રોગ વિશેનો વધુ ને વધુ પ્રચાર પ્રસાર થાય તે હેતુ આજ રોજ ગાંધીનગર જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા ટીબીના નાબુદી અભિયાનના જન આંદોલન અંતર્ગત ગાંધીનગરમાં સેક્ટર-૭ ખાતે આવેલ ચૌધરી નર્સિંગ કોલેજ ખાતે નર્સિંગના ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓને ટીબીના રોગ વિશેની સંપૂર્ણ માહિતી આપવામાં આવી



હતી. જેમાં જિલ્લા ક્ષય કેન્દ્ર ખાતેથી કેયુર જયસ્વાલ, આનંદ પટેલે હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં હાલમાં સરકાર દ્વારા ચાલતા રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ દ્વારા ટીબી ને નાબૂદ કરવા સરકાર દ્વારા ટીબીના દર્દીને મળતી સામાજિક સહાય, મફત નિદાન, મફતદવાઓ, દવાની આડ અસરો, ટીબીના લક્ષણોની તેમજ સરકારશ્રી દ્વારા તાજેતરમાં જાહેર કરેલ ટીબી આરોગ્ય સાથી એપ્લિકેશન નો લાભ નાગરિકો મેળવે તેની માહિતી આપવામાં આવી હતી. આ એપ્લિકેશન કોઈ પણ વ્યકિત પોતાના એન્ડ્રોઇડ મોબાઈલમાં પ્લેસ્ટોરમાં જઈને ડાઉનલોડ કરી લાભ લઈ શકે છે. ઉપરાંત રક્તપિત્ત અને એચ.આઈ.વી ના રોગ વિશેની માહિતી આપવામાં આવી હતી. સમાજમાં રોગ વિશેની ગેરમાન્યતાઓ અને ભેદભાવો થતા હોય છે તેને દૂર કરવાની માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમ ને સફળ બનાવવા માટે નર્સિંગ કોલેજના પિન્સિપાલ અને કર્મચારીઓનો સહયોગ મળ્યો હતો.

## સમર્પણ પબ્લિક સ્કુલમાં જન્માષ્ટમી પર્વની ઉજવણી કરાઇ

ગાંધીનગર, તા.૨૮



શંકરસિંહ વાઘેલા બાપુ ફાઉન્ડેશન સંચાલિત સમર્પણ પબ્લિક સ્કુલ,સે :૨૮ ગાંધીનગર ખાતે જન્માષ્ટમીના પર્વની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમ નિમિત્તે શાળાના વિદ્યાર્થીઓએ દહીહાંડીનો કાર્યક્રમ કર્યો હતો જેમા ધો-૯ થી ૧૨ના બાળકોએ ભાગ લઈને જન્માષ્ટમીના પર્વની શોભા વધારી હતી. આ કાર્યક્રમમાં શાળાના અંગ્રેજી માધ્યમના આચાર્ય સુનિલકુમાર કેસરી અને ગુજરાતી માધ્યમનાં આચાર્ય પાયલ આચાર્ય અને સાથે શાળાનો એડમિન અને શિક્ષક સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

## સોમવારે જન્માષ્ટમી નિમિત્તે અક્ષરધામ ખુલ્લું રહેશે

ગાંધીનગર, તા.૨૮

આજે નાગપાંચમથી જન્માષ્ટમી સુધીના વિવિધ તહેવારોનો પ્રારંભ થયો છે. શહેરમાં તા. ૩૦મી ઓગસ્ટ સોમવારે જન્માષ્ટમીનો તહેવાર ઉજવાશે. ગાંધીનગરનું સુપ્રસિધ્ધ યાત્રાધામ અક્ષરધામ મંદિર આમ તો દર સોમવારે બંધ રહેતું હોય છે પરંતુ આ વર્ષે ગાંધીનગરનું સ્વામિનારાયણ અક્ષરધામ સંકુલ તા.૩૦મી ઓગસ્ટ સોમવારના રોજ જન્માષ્ટમીના પવિત્ર તહેવાર નિમિત્તે દર્શનાર્થીઓ માટે ખુલ્લું રહેશે તેઓ મંદિરની અખબારી યાદીમાં જણાવાયું છે.

## સરકારી વાણિજય કોલેજ ખાતે ઝવેરચંદ મેઘાણીની સવાસોમી જન્મજયંતિ ઉજવાઈ



સરકારી વાણિજ્ય કોલેજ સેક્ટર- ૧૫, ગાંધીનગર ખાતે રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમના કો-ઓર્ડીનેટર તરીકે લાઈબ્રેરિયન પી. બી. ચાવડા, પ્રો. એફ. એમ. મેસરવાલા તેમજ સમગ્ર સ્ટાફ દ્વારા તેનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા શ્રી ઝવેરચંદ મેઘાણી રચિત લોકગીત અને શૌર્યગીતનું ગાન તેમજ તેમની સુપ્રસિદ્ધ રચના ચારણકન્યા પર અભિનય રજુ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કોલેજના આચાર્ય શ્રી ડૉ. એ. એન. સુતરીયા એ ઝવેરચંદ મેઘાણી વિષે માહિતી આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા તેમજ કોલેજના લાઈબ્રેરિયન પી. બી. ચાવડા એ શ્રી ઝવેરચંદ મેઘાણી ના જીવન કવન, તેમની સાહિત્યિક રચનાઓ, લેખો, વગેરે વિષે વિસ્તૃતમાં માહિતી આપી હતી. જેમાં કોલેજનાં વિદ્યાર્થીઓએ તેમજ સમગ્ર સ્ટાફે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## વી.એમ. પટેલ બાલમંદિરમાં ઓનલાઈન જન્માષ્ટમીની ઉજવણી



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી વી.એમ. પટેલ કુમાર અને શ્રીમતી એચ.વી. પટેલ કન્યા બાલમંદિરના નાના નાના ભૂલકાઓએ કૃષ્ણ રાધા બનીને જન્માષ્ટમીની ઓનલાઈન ઉજવણી કરી હતી. આ કાર્યક્રમમાં સંસ્થાના ચેરમેન વલ્લભભાઈ પટેલ પણ ઓનલાઈન જોડાયા અને નાના નાના ભુલકાઓને આર્શીવચનો આપ્યા હતા. આ કાર્યક્રમને સુંદર બનાવવા માટે ડાયરેકટર કિરણબેન અને પ્રિન્સીપાલશ્રી મીનાક્ષીબેને શિક્ષકોને માર્ગદર્શન પુરું પાડયું હતું.



ગાંધીનગર શહેરમાં આમ આદમી પાર્ટીમાં વધુ અંદાજે બસ્સો વ્યક્તિ જોડાયાં હતાં. શહેરના વોર્ડ નં. ૬માં સેક્ટર-૧૩માં શોપિંગ સેન્ટર ખાતે યોજાયેલા એક કાર્યક્રમમાં આપ નેતા પ્રવીણ રામની ઉપસ્થિતિમાં તમામને ખેસ પહેરાવી આમ આદમી પાર્ટીમાં સામેલ કરવામાં આવ્યાં હતાં.

## જન્મદિને વધામણી



**ભાવના સમીર રામી**
બ્યુટીશિયન, રામી બ્યુટી કેર
કોષાધ્યક્ષ,હેપ્પી યુથ કલબ
મો. ૮૭૩૫૦ ૪૨૮૩૦



**હરશિવ રવીન્દ્રકુમાર નાયી**
મો. ૯૭૨૫૭ ૩૨૪૧૨



**ભદ્રશિલાબેન ત્રિવેદી**
મો. ૯૪૨૬૩ ૫૨૭૮૧



**આકાશકુમાર એસ. પટણી**
મો. ૮૭૫૮૨ ૮૦૨૦૩



**પંકજકુમાર મહેતા**
મેનેજર (ફાઈનાન્સ)
ગુજરાત અર્બન ડેવલોપમેન્ટ કંપની



**સ્વાતી કાનુગા**



**એમ એમ સોલંકી**
ટ્રસ્ટી, સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ



**માહી કાનુગા**



**જગમાલભાઈ વઢવાડિયા**
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ



**નિલેષકુમાર ચૌહાણ**
યુથ, રેડક્રોસ

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. રબારી મણાભાઈ ખેંગારભાઈ, ઉ.વ.૬૭, પીંડરડા
- સ્વ. પ્રજાપતિ રામભાઈ રણછોડભાઈ, ઉ.વ. ૫૯, સેકટર-૨૨
- સ્વ. પટેલ પિયુષકુમાર હરગોવિંદભાઈ, ઉ.વ. ૪૯, સેકટર-૫
- સ્વ. પરમાર કિર્તીકુમાર કાન્તીલાલ, ઉ.વ. ૬૨, સેકટર-૩
- સ્વ. ઠાકોર ગાભાજી જુગાજી, ઉ.વ. ૬૭, પ્રતાપનગર, માણસા



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ. કે.પટેલ કે.જી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં જન્માષ્ટમી સેલિબ્રેશન કરવામાં આવ્યુ, જેમાં નાના નાના ભૂલકાં રાધા કૃષ્ણનાં ગેટઅપમાં આવ્યાં હતાં. અને આચાર્ય દિપાલી જોષીએ નાના નાના ભૂલકાંઓની સાથે ઓનલાઈન વાતો કરીને તેમનો ઉત્સાહ વધાર્યો હતો. આ પર્વની ઉજવણી ઉમંગભેર કરવામાં આવી હતી.

# શહેરમાં તળાવોમાં બાંધકામનો ભંગાર ઠાલવવાની ફુલીફાલી રહેલી પ્રવૃત્તિ...!!

### જળસંચય અભિયાન ચલાવનારા સરકારી તંત્રની નજર સમક્ષ જ ચાલતી કુદરતી સંપદાને નષ્ટ કરતી વિનાશક પ્રવૃત્તિ : શહેરના વૃક્ષો બાદ હવે સે.૪ના બંને તળાવોનું અસ્તિત્વ પણ જોખમમાં

ગાંધીનગર, તા. ૨૮

સમગ્ર રાજયમાં ગાંધીનગરને માત્ર પાટનગર તરીકે નહિ પરંતુ એક પર્યાવરણનું જતન કરવામાં અગ્રેસર શહેર તરીકે પણ જોવામાં આવે છે. જોકે વાસ્તવિકતા એ છે કે ગાંધીનગરમાં પર્યાવરણને નુકશાન પહોંચે તેવી અનેક પ્રવૃત્તિઓ દિનપ્રતિદિન ફૂલીફાલી રહી છે જેમાં કેટલીક પ્રવૃત્તિઓ શહેરના વહીવટીતંત્ર દ્વારા વિકાસ કાર્યોના ઓથે જયારે કેટલીક પ્રવૃત્તિઓ શહેરના જ નાગરિકો દ્વારા પોતાના સ્વાર્થ ખાતર કરવામાં આવી રહી છે. આ પ્રવૃત્તિઓમાં આડેધડ વૃક્ષછેદન ઉપરાંત પ્લાસ્ટિક સહિતનો કચરો જ્યાં ત્યાં ફેકવો, જાહેરમાં કચરો બાળવો, પાણીનો બેફામ વ્યય કરવો વગેરેનો સમાવેશ થાય છે. હવે આ



પ્રવૃત્તિઓમાં મકાનોના કાટમાળને શહેરના તળાવમાં નાખી તળાવો પુરવાનો પ્રયાસ કરવાનો સમાવેશ થાય છે જે શહેરના પ્રકૃતિ સંતુલન માટે ખૂબ જ ચિંતાજનક છે.

કોરોના કાળ પહેલાં રાજયના મુખ્યમંત્રી દ્વારા રાજયવ્યાપી જળસંચય અભિયાન છેડવામાં આવ્યું હતું જે અંતર્ગત રાજયભરમાં હયાત તળાવોને ઉંડા કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જોકે રાજ્યના પાટનગરમાં જ સરકારી તંત્રની નજર સામે જ હયાત તળાવો તેમનું અસ્તિત્ત્વ ગુમાવી રહ્યાં હોય તેવી પરિસ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે. ગાંધીનગરના સેક્ટર-૪માં બે તળાવો અસ્તિત્વમાં હતા જે પૈકી ખ-રોડ નજીકના તળાવ અને ગ-૧ સંગીત સર્કલ તરફ જતા માર્ગ નં.૧ને સમાંતર આવેલું તળાવ જે બંને તળાવોમાં છેલ્લા કેટલાક સમયથી તોડી પડાયેલાં જુના મકાનોના ઈંટ-રોડાં જેવા બાંધકામના ભંગારને ઠાલવવાની પ્રવૃત્તિ ચાલી રહી છે. આ પ્રવૃત્તિના કારણે બંને તળાવો પુરાવા લાગ્યાં છે જેના કારણે તેમની જળ સંચયની જગ્યા ઓછી થઈ રહી છે જે ભવિષ્યમાં શહેરના પર્યાવરણ માટે નુકસાનકારક સાબિત થઈ શકે તેમ છે. શહેરમાં સે.૧, સે.૪, વાવોલ, સરગાસણ સહિત કેટલાંક તળાવોનું પુનઃ નિર્માણ કરવામાં આવ્યું હતું પરંતુ હવે સેકટર-૪ના તળાવો તેમનું કુદરતી અસ્તિત્વ જ ગુમાવી બેસે તેવી સ્થિતિ જોવા મળી રહી છે. આ બંન્ને તળાવ જાણે શહેરમાં તોડી પડાતા જુના મકાનોનો ઈંટ-રોડાં જેવા બાંધકામનો ભંગાર ઠાલવવાની ‘ડસ્ટબીન’ હોય તે રીતે બેધડક ઉપયોગ કરાઈ રહ્યો છે અને તેને રોકનાર કોઈ નથી. બાંધકામના ભંગારને કારણે તળાવ પુરાવાથી તેની જળસંચય ક્ષમતા ઘટશે જેનાથી આસપાસના વિસ્તારની વનરાજીને પણ ભવિષ્યમાં મોટું નુકસાન થઈ શકે છે.

### બિનજરૂરી અંડરપાસને બદલે જળાશયો વિકસાવવા ગ્રાન્ટ વાપરો

શહેરની આ પ્રાકૃતિક સંપદાને નષ્ટ કરવાની પ્રવૃત્તિ તંત્રની નજર સમક્ષ થઈ રહી છે જેના કારણે પર્યાવરણને થઈ રહેલા નુકસાનથી શહેરના પ્રકૃતિ પ્રેમી નાગરિકોની લાગણી દુભાઈ રહી છે. સત્વરે આ પ્રવૃત્તિને રોકવામાં આવે તેમજ તેના માટે જવાબદાર તત્ત્વો સમક્ષ આકરાં પગલાં લેવામાં આવે તે સાથે બંને તળાવોમાંથી મકાનોના કાટમાળને હટાવી પુનઃ ખોદકામ કરાવી ઊંડા કરાવી અન્ય તળાવોની જેમ તેનો વિકાસ કરાય અને તે સહિત વાવોલ-સરગાણના તળાવોને પણ નર્મદાના પાણીથી ભરવામાં ગ્રાંટ વાપરવામાં આવે નહીં કે બિનજરૂરી અંડરપાસ કે ઓવરબ્રીજ બનાવીને પર્યાવરણને નુકશાન કરવામાં આવે તેવી લાગણી શહેરના પ્રકૃતિ પ્રેમીઓમાં પ્રવર્તી રહી છે.